# સ્વૈચ્છિક નિવૃત્તિ સમયે પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર મેળવવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : નવત-2004-1064-પી,
સચિવાલય, ગાંધીનગર, તા. 17-6-2004

*વંચાણે લીધા :* *(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીઇએન-1070-678-જે, તા. 26-2-'70.*
*(2) નાણાં વિભાગનો પરિપત્રક્રમાંક : એનવીએન-1071-4005-જે, તા. 15-10-71.*
*(3) નાણાં વિભાગનો પરિપત્રક્રમાંક : નવત-1095-ડીપીપી-63-પી, તા. 4-10-'95.*

પરિપત્ર :

આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના ઠરાવ/પરિપત્રોથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવા ઇચ્છતા સરકારી કર્મચારીઓની પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર સ્વૈચ્છિક નિવૃત્તિના હુકમો કરતાં પહેલા નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી પાસેથી સંબંધિત કચેરી/ખાતાના વડાએ અચૂક મેળવી લેવા માટે સૂચનાઓ આપવામાં આવેલ છે.

સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલાક વિભાગો/ખાતાંના વડાઓ/કચેરી તરફથી સ્વૈચ્છિક નિવૃત્ત થતા કર્મચારીની પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર સ્વૈચ્છિક નિવૃત્તિના હુકમો કરતા પહેલાં મેળવવામાં આવતું નથી. કેટલાક કિસ્સાઓમાં જે-તે વિભાગ/કચેરી તરફથી સમયસર (3 માસના નોટિસ સમય દરમ્યાન) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી તરફથી 3 માસની નોટિસની સમયમર્યાદામાં જે-તે કચેરીને પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી અથવા તો જે-તે વહીવટી વિભાગ કે નાણાં વિભાગની મંજૂરી મેળવીને જ પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર મેળવવા માટેની દરખાસ્ત કરવા માટે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી તરફથી સૂચના આપવામાં આવે છે. પરિણામે સ્વૈચ્છિક નિવૃત્ત થતા કર્મચારીને 3 માસની નોટિસ સમય દરમ્યાન નિર્ણય લઇને નોટિસ સમય પૂરો થતા સુધીમાં સ્વૈચ્છિક નિવૃત્ત કરવાના હુકમો થઇ શકતા નથી. 3 માસનો નોટિસસમય પૂરો થઇ ગયેલ હોય અને પશ્ચાદ્‌વર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિની મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેવા કિસ્સામાં પણ નિયત પેન્શનપાત્ર સેવા બજાવેલ છે કે કેમ ? તેની આધારભૂત માહિતી વિના સ્વૈચ્છિક નિવૃત્તિની પશ્ચાદ્‌વર્તી અસરથી મંજૂરી આપવાની બાબતે વિચારણા કરી શકાતી નથી. પરિણામે સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં ઘણી અનિયમિતતાઓ અને વિલંબ થાય છે. આ પરિસ્થિતિનું નિવારણ થાય તે હેતુસર આથી નીચે મુજબની કાર્યવાહી ચુસ્તપણે કરવા સૂચના આપવામાં આવે છે :

જે-તે વિભાગ / ખાતાના વડા / કચેરી દ્વારા સ્વૈચ્છિક નિવૃત્ત થતા કર્મચારીઓના કિસ્સામાં 3 માસના નોટિસસમય દરમ્યાન નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી પાસેથી પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર મેળવીને પછી જ સ્વૈચ્છિક નિવૃત્તિને પાત્ર હોય તો સ્વૈચ્છિક નિવૃત્તિના હુકમ કરવામાં આવે અને આવા 3 માસના નોટિસસમય દરમ્યાન કે અપવાદરૂપ કિસ્સામાં આવો નોટિસસમય પૂરો થયા બાદ પણ જે-તે વિભાગ / ખાતાના વડા / કચેરી તરફથી પેન્શનપાત્ર સેવાનું પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે ખરેખર કેટલાં વર્ષ, માસ અને દિવસની પેન્શનપાત્ર સેવા થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર સંબંધિત નિયમોની જોગવાઇઓના સંદર્ભમાં જે-તે કર્મચારીની સેવાપોથીની વિગતોને ચકાસીને ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો-2002ના નિયમ 42 અને 50(1)માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ આવી દરખાસ્ત મળ્યેથી દિન-15માં પેન્શનપાત્ર પ્રમાણપત્ર નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીએ અચૂક આપવાનું રહેશે. આ સૂચનાઓનો ચુસ્ત રીતે અમલ ન કરનાર અધિકારી/કર્મચારી સામે નિયમાનુસાર યોગ્ય પગલાં લેવામાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બી. સી. પટેલ
ઉપસચિવ, નાણાં વિભાગ

❀ ❀ ❀